## ટ્રેક નં. ૧૪ : સંવર, નિર્જરા, મોક્ષ વિષે

✻ સંવર, નિર્જરા, મોક્ષની વિધિ શું? તે પર્યાય છે કે ગુણ? ચાલો પૂછીએ સમ્યક્‌દૃષ્ટિ એવા આપણા બેનશ્રીને.

✻ માંગલિક :

✻ ભક્તિ : એ..બંધ તણો જાણી સ્વભાવ, સ્વભાવ જાણી આત્માનો,
જે બંધમાંહી વિરક્ત થાયે, કર્મ મોક્ષ કરે અહો. (૨)

✻ પ્રશ્ન : સંવર, નિર્જરા, મોક્ષ તો પર્યાય બોલા હૈ ? ઉસે પર્યાય બોલા હૈ તો આત્મા તો શુદ્ધ વસ્તુ છે, શુદ્ધ આત્મા ત્રિકાળી ધ્રુવ સ્વભાવ જો હૈ, વો તો મુક્ત સ્વરૂપ હી હૈ તો ઇસકો તો પર્યાય કૈસે કહ સકતે હૈ ? કુછ સમજમેં નહીં આતા હૈ ?

● ઉત્તર : દ્રવ્યદૃષ્ટિસે દેખો તો શુદ્ધ આત્મા તો અનાદિ અનંત મોક્ષ સ્વરૂપ હૈ. મુક્ત સ્વરૂપ છે. એમાં સંવર, નિર્જરા, સાધકની પર્યાય કહેવી તે વ્યવહાર છે પણ એ એની પર્યાય છે કારણ સંવર, નિર્જરા બધી સાધકની પર્યાય છે. એમાં પહેલા સંવર સમ્યક્‌દર્શનરૂપ થાય પછી ચારિત્ર દશા આવે એમાં વિશેષ નિર્જરા થાય. પહેલા અમુક નિર્જરા થાય. વિશેષ નિર્જરા મુનિદશામાં થાય. એ બધી પર્યાયો છે. દ્રવ્ય અને પર્યાય એ બે વસ્તુનો સ્વભાવ જ છે. પ્રગટ પર્યાય થાય છે મુક્તિની એ પર્યાય કહેવાય છે અને અનાદિ અનંત દ્રવ્ય તો મુક્ત સ્વરૂપ છે. પણ મુક્ત સ્વરૂપ દ્રવ્ય છે પણ વેદન નથી એનું. પોતાને સ્વાનુભૂતિનું વેદન નથી. પર્યાય પ્રગટ થઈ નથી. દ્રવ્ય તો શુદ્ધ છે. દ્રવ્યમાં કાંઈ અશુદ્ધતા પેસી નથી ગઈ. દ્રવ્ય તો શુદ્ધ છે પણ પર્યાયનું વેદન નથી. સ્વાનુભૂતિનું વેદન ક્યાં છે? પર્યાય પ્રગટ થયા વગર વેદન થાતું નથી. એટલે એની સાધક દશા જ્યારે પ્રગટ થાય ત્યારે સ્વાનુભૂતિનું વેદન થાય છે. અને એ સ્વાનુભૂતિ પછી વિશેષ વધતા વીતરાગતા થાય એટલે એને પૂર્ણ વેદન થાય. એ પ્રગટ મુક્તદશા છે, આ શક્તિરૂપે મુક્તદશા, ઓલું વ્યક્તિરૂપે મુક્ત

દશા એટલે ઈ દ્રવ્ય અને પર્યાયનો મેળ છે. દ્રવ્ય અને પર્યાય એ બે વસ્તુનું સ્વરૂપ છે. એટલે શુદ્ધ પર્યાય નથી ત્યાં સુધી વેદન નથી. શુદ્ધ પર્યાય પ્રગટ થઈ એટલે એને સ્વાનુભૂતિ વીતરાગદશાનું વેદન થાય, માટે ઈ પ્રગટ મુક્ત દશા શક્તિ મુક્ત દશા છે.

✻ પ્રશ્ન : નિર્જરા અધિકારમાં આવે છે કે ભોગ ભોગવતા છતાં જ્ઞાનીને નિર્જરા છે માટે હે જ્ઞાની! તું ભોગ ભોગવ.

● ઉત્તર : આચાર્યો કહે એની શૈલીમાં. આચાર્યો કહે કે 'તું ખેદ કરીશ નહીં. એમ કહે છે વિભાવ છે બધો. વિભાવ છે' દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ કહે છે. દૃષ્ટિની અપેક્ષાએ કહે છે. અસ્થિરતા છે. અસ્થિરતા ટાળવાની છે એનો ખેદ એને ઉભો છે. દ્રવ્યદૃષ્ટિ અપેક્ષાએ કહે છે કે ખેદ કરીશ નહીં. 'મારો આત્મા આમાં સલવાય (ફસાઈ) ગયો (એમ ખેદ કરીશ નહીં) એને એકત્વ થઈ ગયો. તું તારો જ્ઞાયક જાળવી રાખ. જ્ઞાયકને એમ કહે છે. દૃષ્ટિ અપેક્ષાએ વાત છે. અસ્થિરતા છે, ક્યારે મુનિ થાય? ક્યારે આત્મામાં લીનતા કરે? ક્યારે પ્રમત-અપ્રમત ગુણસ્થાન આવે? એવી ભાવના તો મુનિઓને નિરંતર હોય છે. હું એકત્વ થઈ ગયો એવી શંકા કરીશ નહીં.

✻ પ્રશ્ન : હે પૂજ્ય ભગવતી માતા એક પ્રશ્ન છે. બંધ મોક્ષના કારણો, અને બંધ–મોક્ષના પરિણમનથી આત્મા ભિન્ન છે. એ કેવી રીતે? તે સમજાવશો.

● ઉત્તર : બંધ, મોક્ષના પરિણામ બંધ મોક્ષના કારણો ઈ બધી પર્યાયો છે. પર્યાયથી વસ્તુનું સ્વરૂપ અને એ પર્યાય જુદી છે. વસ્તુ એ અપેક્ષાએ છે. એ પર્યાય એક અંશ છે અને દ્રવ્ય અંશી છે. એ અંશીનો આશ્રય કરવાથી અંશ પ્રગટ થાય છે. અંશ અંશીનો ભેદ છે. પણ એવો સર્વથા ભેદ નથી કે બે દ્રવ્યનો ભેદ હોય એવો અત્યંત ભેદ નથી, અંશ, અંશીનો ભેદ છે અને ઈ દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો જ ઈ પર્યાય પ્રગટ થાય. જે સમ્યક્દર્શનનો આશ્રય દ્રવ્ય છે એ દ્રવ્ય

ઉપર દૃષ્ટિ કરવાથી સમ્યક્‌દર્શન, જ્ઞાન, ચારિત્ર બધું પ્રગટ થાય એનાથી આત્મા એવો જુદો નથી અને ઈ પર્યાયનું એને વેદન થાય એનાથી શૂન્ય એટલે પર્યાય એનાથી ક્યાંય જુદી રહી જાય અને દ્રવ્ય ક્યાંય જુદું રહી જાય એમ નથી. એવો અત્યંત ભેદ નથી. ઈ પર્યાય પ્રગટ થાય એનું આત્માને વેદન થાય છે. સમ્યક્‌દર્શનનું વેદન થાય છે. સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્રનું પણ આત્માને વેદન છે. ઈ નિર્મળ પર્યાયોનું વેદન થાય છે. ઈ સાધના જે થાય છે ઈ સાધના કાંઈ કોઈ બીજાના માટે થતી નથી. પોતે આત્માના સ્વરૂપની પ્રાપ્તિ કરવા માટે થાય છે. ઈ સાધના કાંઈ નકામી જાતી નથી. એને આત્માનું વેદન થાય છે. અને મોક્ષની પર્યાય. જે મુક્તિની પર્યાય થાય છે, કેવળજ્ઞાનની પર્યાય થાય છે. એ પર્યાયનું આત્માને વેદન છે. એ દ્રવ્યદૃષ્ટિના વિષયમાં નથી.

✻ પ્રશ્ન : મુક્તિ અપેક્ષાએ જુદી ?

● ઉત્તર : મુક્તિ અપેક્ષાએ એને જુદું કહેવામાં આવે છે. હા. એવો ભેદ છે. અત્યંત ભેદ નથી. એને અત્યંત ભેદ એવો નથી કે એનું વેદન નો થાય. સમ્યક્‌દર્શન પ્રગટ થાય છે ત્યારે એ સમ્યક્‌દર્શનનું વેદન, સ્વાનુભૂતિ થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી એ બધું પ્રગટ થાય છે, માટે ઈ શૂન્ય છે તો શેના માટે પ્રગટ કરવું, એવું નથી. દ્રવ્યદૃષ્ટિના બળે સમ્યક્‌દર્શન થાય, આગળ જાય ત્યાં મુનિદશા આવે છઠ્ઠે, સાતમે ગુણસ્થાન ઝૂલતો હોય છે. એ બધું મુનિરાજને પણ વેદન છે. છઠ્ઠા સાતમા ગુણસ્થાને પણ એ સાધક પર્યાય છે. હજી પૂર્ણતા નથી. પૂર્ણ થાય ત્યારે કેવળજ્ઞાન થાય પણ દ્રવ્યદૃષ્ટિમાં એ કેવળજ્ઞાનની પર્યાય પણ ગૌણ થાય છે. મુક્તિની પર્યાય પણ નથી ઈ દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ. કેવળજ્ઞાન ઉપર દૃષ્ટિ નથી. મુક્તિની પર્યાય ઉપર દૃષ્ટિ નથી. સમ્યક્‌દર્શનની પર્યાય ઉપર દૃષ્ટિ નથી. ક્યાંય એને દૃષ્ટિ નથી. દૃષ્ટિ તો એક દ્રવ્યને ગ્રહણ કરે અને બધી પર્યાયને ગૌણ કરે. જે સમ્યક્‌દર્શન પ્રગટ થાય ઈ

સમ્યક્દર્શનનો વિષય દ્રવ્ય છે, એ દ્રવ્યે વિષય કર્યો પણ ખરો પણ પર્યાય ઉપર દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ તો દ્રવ્ય ઉપર છે. એ દ્રવ્યદૃષ્ટિમાં કાંઈ આવતું નથી. પાંચ જ્ઞાનના ભેદો કે ઉદયભાવ અને ઉપશમભાવ અને ક્ષાયિકભાવ ઈ બધાના ભેદ એમાં આવતા નથી. દ્રવ્યદૃષ્ટિથી ક્ષાયિકની પર્યાય પ્રગટ થાય તો પણ એના ઉપર એની દૃષ્ટિ નથી. દ્રવ્યદૃષ્ટિમાં કાંઈ આવતું નથી. એ દ્રવ્યદૃષ્ટિના બળે જ બધી પર્યાય પ્રગટ થાય. પારિણામિક ભાવ ઉપર દૃષ્ટિ દેવાથી બધું પ્રગટ થાય છે. દ્રવ્યદૃષ્ટિના બળે બધું પ્રગટ થાય એને ઈ પર્યાયને ગૌણ કરે છે. દ્રવ્યદૃષ્ટિ પર્યાયને ગૌણ કરે છે પણ પર્યાય એના જોરે જ પ્રગટ થાય છે અને એ પર્યાયનું વેદન થાય છે. જે દૃષ્ટિ દ્રવ્યનો આશ્રય કરે એ દૃષ્ટિ પર્યાયને ગૌણ કરે છે પણ જ્ઞાનમાં બધું આવે છે. પર્યાયનું વેદન પણ થાય છે. માટે એ કાંઈ બધું નકામું નથી. તો દ્રવ્યદૃષ્ટિના બળમાં બધા બંધ, મોક્ષના પરિણામ પણ જેમાં નથી, કેવળજ્ઞાન પણ જેમાં નથી. આ પાંચ પદમાં એકેય પદમાં કેવળજ્ઞાનનું પદ પણ આત્માને જોઈતું નથી. (શાસ્ત્રમાં) આવે છે ને કે આ મોક્ષ પણ જોઈતો નથી એટલે કે મોક્ષની પર્યાય ઉપર દૃષ્ટિ નથી, કેવળજ્ઞાન ઉપર દૃષ્ટિ નથી. પણ દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ છે. ઈ દૃષ્ટિના બળે એ બધું ગૌણ થાય છે. એને કાઢી નાખવામાં આવે છે. પણ એનું વેદન થાય છે. એનાથી શૂન્ય. પણ એવો શૂન્ય નથી કે એનું વેદન જ ન થાય. એનું કાંઈ અપૂર્વ વેદન થાય. એનું કાંઈ અનુપમ વેદન થાય છે કે જે ભાષામાં ન આવે એવું વેદન સમ્યક્દર્શન પામે તેને થાય. પૂર્ણ થાય, એ પૂર્ણ વીતરાગદશામાં—ચારિત્ર દશામાં આત્માનું કોઈ અપૂર્વ અનુપમ વેદન થાય છે માટે ઈ પર્યાયો એવી નથી કે તદ્દન ભેદ છે. એમ નથી.

✻ પ્રશ્ન : ઈ કોઈ અપેક્ષાનું કથન છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષા ?

● ઉત્તર : દ્રવ્યદૃષ્ટિ મુખ્ય રહે છે. હા. અપેક્ષાનું કથન છે. દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ પર્યાયને ગૌણ કરવામાં આવે છે. પણ જ્ઞાન

સાથે એનો વિવેક કર્યા કરે છે કે આ દ્રવ્યને પણ જ્ઞાન જાણે છે. પર્યાયને પણ જાણે છે. બધાને જાણે છે એને એનું વેદન જ નો હોય તો પછી આ સાધકદશા શેની? આ બધા દર્શન, જ્ઞાન, ચારિત્રની સાધના જે કરવામાં આવે છે. એનું આ વિભાવ ને સ્વભાવ બધું શેનું? કાંઈ પર્યાય હોય જ નહીં તો ? આ માર્ગે જ બધા મોક્ષ પામ્યા છે. આ માર્ગે દૃષ્ટિને બળે પર્યાયો પ્રગટ થાય. તીર્થંકર ભગવંતો, ચક્રવર્તીઓ, ભરત ચક્રવર્તી બધા જે સાધના કરી કરીને મોક્ષ ગયા એ આ માર્ગે જ, અને પર્યાય તો સિદ્ધ ભગવાનમાં પણ હોય છે. પર્યાય સિદ્ધ દશા થઈ અને દ્રવ્યદૃષ્ટિના બળથી પર્યાયને ગૌણ કરી દ્રવ્યદૃષ્ટિમાં એટલે સિદ્ધ ભગવાનમાં પર્યાય વઈ ગઈ એમ નથી. સિદ્ધ ભગવાનમાં પણ પર્યાયો છે. જ્ઞાન ગુણ પ્રગટ થયો. પૂર્ણ કેવળજ્ઞાન, આનંદ ગુણ એવા અનંત ગુણ પ્રગટ થયા. એ બધા ગુણોની પર્યાયો એક સમયમાં પરિણમન કરી રહી છે. અગુરુલઘુની અગુરુલઘુ ગુણ છે એની પર્યાયો એ ષટ્‌ગુણ હાનિવૃદ્ધિરૂપ, કોઈ અચિંત્યરૂપે એ દ્રવ્ય પરિણમન કરી રહ્યું છે પ્રગટરૂપે. ઓલું તો શક્તિરૂપે છે સિદ્ધ ભગવાનને પ્રગટરૂપે, કોઈ અનુપમ રીતે એ અનંતગુણોની પર્યાયો બધી એક સમયમાં પરિણમન કરી રહી છે એવી અનંતકાળ સુધી પરિણમન કરે છે તો એમાંથી કાંઈ ખૂટતું નથી. એવી અનંતકાળથી પરિણમન કરે છે એટલે એ પર્યાય દ્રવ્યનું સ્વરૂપ છે. દ્રવ્ય ગુણ પર્યાય દ્રવ્યનું સ્વરૂપ જ છે. ઈ દ્રવ્યને મુખ્ય કરીને પર્યાય પલટાય છે અને દ્રવ્ય શાશ્વત રહે છે. એટલે દ્રવ્યનો આશ્રય લેવામાં આવે છે. દ્રવ્યના આશ્રયમાં આગળ જવાય છે.

**✻ પ્રશ્ન : દ્રવ્ય, ગુણ, પર્યાય એ દ્રવ્યનું જ સ્વરૂપ છે ?**

● ઉત્તર : હા, એ દ્રવ્યનું જ સ્વરૂપ છે. દ્રવ્ય, ગુણ, પર્યાય, ઉત્પાદ, વ્યય, ધ્રુવ એ બધું દ્રવ્યનું સ્વરૂપ જ છે.

**✻ પ્રશ્ન : હે ભગવતી માતા 'પર્યાયને અંતરમાં વાળજે, એ પર્યાયને તિરોધાન કરવાનો જે ઉપદેશ છે તેમાં અંદરમાં વાળવું એટલે**

શું ? પર્યાયને તિરોધાન કરવાનો શું અર્થ છે ?

● ઉત્તર : જ્ઞાયક સ્વભાવની પ્રતીત દૃઢ કરીને 'હું એક જ્ઞાયક જ છું.' આ બીજું જે સ્વરૂપ છે ઈ મારૂં નથી. આ શરીર તે હું નથી. આ વિભાવ તે હું નથી. બધું આકુળતારૂપ છે. એનાથી હું જુદો એક જ્ઞાયક છું એમાં એને ગુણ ગુણીના ભેદ પડે. આ દર્શન તે હું, જ્ઞાન તે હું, આ ચારિત્ર તે હું. એમ એક, એક ગુણ સ્વરૂપ આત્મા નથી. આત્મા તો અખંડ જ્ઞાયક છે. એની જ્ઞાન, દર્શન અને ચારિત્ર ઉપર એમ એની દૃષ્ટિ જાય છે તો ઈ ગુણભેદ છે. એ ગુણભેદ વાસ્તવિક રીતે આત્મામાં નથી. એ ગુણભેદ તો એક લક્ષણ ભેદ છે. એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે અને આ ભેદને ગૌણ કરે તો જ એની સાચી યથાર્થ પ્રતીત થાય અને તો જ એને નિર્વિકલ્પ દશા થાય. એટલે ઉપયોગ જે બહાર જાય છે. ગુણ, ગુણીના ભેદમાં રોકાય કે ગમે ત્યાં રોકાય. એ ઉપયોગને સ્વરૂપમાં વાળી, સ્વરૂપ તરફ સ્થિર કરે ઉપયોગને. એ બહાર જ્ઞેયોને જાણવા જાય. રાગમાં અટકતો હોય, ગુણ, ગુણીના ભેદમાં અટકતો હોય, તે ઉપયોગને સ્વરૂપમાં સ્થિર કરીને કે આ 'ચૈતન્ય તે જ હું' એમ કંઈ ભેદ ઉપર દૃષ્ટિ નથી. એમાં લક્ષણ ભેદ છે પણ ઈ લક્ષણ ભેદ કાંઈ વાસ્તવિક ભેદ નથી. એમાં વિકલ્પ ઉઠે છે. ગુણભેદ ઉપર દૃષ્ટિ જાય છે એટલે આત્મામાં સ્થિર કરીને વિશ્રામ લઈને એ વિકલ્પથી છૂટે છે. એ આત્મા ભેદને ગૌણ કરે છે એ વિકલ્પ જ્યારે છૂટે ત્યારે ઉપયોગ સ્વરૂપમાં સ્થિર થઈ જાય છે એ પણ આત્માનું અસ્તિત્વ જેણે ગ્રહણ કર્યું હોય એને જ ઈ વિકલ્પ છૂટે છે. બીજી રીતે વિકલ્પ છૂટતા નથી. ધ્યાન કરે આત્માને સમજ્યા વગર કે જ્ઞાયકને ઓળખ્યા વગર, એકલી એકાગ્રતા કર્યા કરે, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કર્યા વગર એકાગ્રતા કર્યા કરે તો એવા ધ્યાનથી વિકલ્પ છૂટતો નથી. ધ્યાન તો આત્માને ઓળખી અને યથાર્થપણે ઓળખીને આત્મામાં એકાગ્ર થાય જ્ઞાયકને ઓળખીને. એમાં પછી ગુણ, ગુણીના ભેદ ઉપર દૃષ્ટિ જાતી હોય તો એને પણ

ગૌણ કરીને જે ઉપયોગ બહાર જાય છે. મતિજ્ઞાનનો ઉપયોગ અને શ્રુતજ્ઞાનનો ઉપયોગ દ્રવ્ય, ગુણ, પર્યાયમાં રોકાતો હોય તેને પણ પોતામાં સ્થિર કરીને ઈ જાતનું આશ્ચર્ય પણ તોડી નાખે છે જાણવા માટે કે આ ગુણ શું છે? કે આ પર્યાય શું છે? કે આ દ્રવ્ય શું છે? કે એવી જાતના જે વિચારો રાગમિશ્રિત છે, એમાં અટકતો હોય. બીજા વિકલ્પને તો એણે ગૌણ કર્યા પણ એમાં અટકતો હોય કે આ દ્રવ્ય છે, આ ગુણ છે, આ પર્યાય છે. આ દ્રવ્ય કેવી જાતનું છે ? આ ગુણ કેવી જાતના ? આ પર્યાય કેવી જાતની ? એમાં વિચાર અટકતો હોય, ભેદ પડતો હોય ઈ બધાનું આશ્ચર્ય તોડીને ઈ જાણવાની એ ક્ષણે ઈ બધા જાણવાના ભેદને તોડીને અંતરમાં ઉપયોગને સ્થિર કરે 'હું તો જે છું તે છું. હું ચૈતન્યદેવ છું.' એમ ઉપયોગને પોતામાં સ્થિર કરે એટલે ગુણ, ગુણીના ભેદ એને ગૌણ થઈ જાય. અને વિકલ્પ છૂટીને નિર્વિકલ્પ દશા થાય છે. ગુણ, ગુણીના ભેદ ઉપરથી દૃષ્ટિ પણ છૂટીને આત્મામાં સ્થિર થાય તો એને નિર્વિકલ્પ દશા થાય અને અંતરમાંથી જ્ઞાયકદેવ એને પ્રગટ થાય. અંતરમાંથી એવું છૂટી જાય કે બસ ! એક જ્ઞાયક તે જ્ઞાયક, અનંત ગુણથી ભરેલો જ્ઞાયક. એવી નિર્વિકલ્પ દશા તો એને પ્રાપ્ત થાય. ગ્રહણ તો એક આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરે તો જ આ થાય. આ છોડ્યું, પછી આ છોડ્યું, એમ આત્માને-જ્ઞાયકને ગ્રહણ કર્યા વગર એ બધું છોડી દે બધો ભેદ છોડી દીધો. આત્માને ગ્રહણ કર્યા વગર, અભેદ ઉપર દૃષ્ટિ કર્યા વગર, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર્યા વગર, જ્ઞાયકને ગ્રહણ કર્યા વગર, કોઈ જાતનો ભેદ છૂટતો નથી. એવી જાતની એકાગ્રતા કરે પણ જો જ્ઞાયક ગ્રહણ ન થયો તો એવી જાતનું ધ્યાન કરે તો વિકલ્પ છૂટતા નથી. પણ ધ્યાન આત્માને ઓળખીને, જ્ઞાયકને ઓળખીને, એનું અસ્તિત્વ ગ્રહણ કરીને પછી એના ઉપર સ્થિર થઈ જાય તો એના વિકલ્પ છૂટી જાય છે. ગુરુદેવે આ માર્ગ સ્પષ્ટ કરીને સ્વાનુભૂતિનો માર્ગ બતાવ્યો છે અને ઈ માર્ગે જ કલ્યાણ થાય છે. અને એ જ માર્ગ મુક્તિનો

ઉપાય છે. ઈ જ એક સુખનો ઉપાય છે. એમાં કાંઈ નયો રહેતો નથી. એમાં કોઈ નયોની લક્ષ્મી ઉદય પામતી નથી. શાસ્ત્રોમાં આવે છે. નિક્ષેપ ક્યાં ચાલ્યા જાય? પ્રમાણ અસ્ત થઈ જાય છે. ઈ બધી જાતનું આશ્ચર્ય એને છૂટી જાય છે. જાણવાનું કુતુહલ છોડીને અંતરમાં સ્થિત થઈ જાય છે અને એ અંતર્મુહૂર્તની સ્થિતિ છે. પાછો બહાર આવે તો સવિકલ્પ દશામાં પાછા એના વિચારો આવે છે કારણ કે પૂર્ણ વીતરાગ નથી થયો. એ સવિકલ્પ દશામાં ભેદજ્ઞાનની ધારા રહે છે. એની સાથે પોતે ક્ષણે, ક્ષણે જુદો. જ્ઞાયકની ધારા રહે, એની સાથે આ વિકલ્પ હોય છે. શુભભાવ હોય છે. શ્રુતનું ચિંતવન, હોય છે પંચ પરમેષ્ઠીની ભક્તિ, દેવ, ગુરુ, શાસ્ત્રની મહિમા બધા વિચારો હોય છે પણ એનાથી છૂટો ને છૂટો રહે છે પણ નિર્વિકલ્પ કાળે આ બધું છૂટી જાય છે અને ગૌણ થઈ જાય છે. આ માર્ગ ગુરુદેવે બતાવ્યો છે. અને એ જ માર્ગની જિજ્ઞાસા લગની લગાડે તો આ થાય એવું છે.

**✻ પ્રશ્ન : આ 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' તો ઈ કેવી શુદ્ધતા હોય ?**

● ઉત્તર : (હિંમતભાઈ : 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ') તેરમા આવે છે મોક્ષ ક્યો નિજ શુદ્ધતા, તેર પાને, પોતાની શુદ્ધતા પોતે શુદ્ધ સ્વરૂપ જ છે. એનું ગ્રહણ કરીને એ શુદ્ધ પર્યાય પ્રગટ થાય એ અંદર શુદ્ધતાની પર્યાય પ્રગટ કરવી એ શુદ્ધતા. દ્રવ્ય પોતે શુદ્ધ છે એને પર્યાયની શુદ્ધતા પ્રગટ કરવી તે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. એમાં જે રાગદ્વેષની પરિણતિ, વિભાવ પરિણતિ છૂટીને સ્વભાવ પરિણતિ પ્રગટ કરવી તે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા તે પામે તે પંથ.' જે મોક્ષ સ્વરૂપ આત્મા શુદ્ધ સ્વરૂપ દ્રવ્યને ગ્રહણ કરીને તેમાં પરિણતિ શુદ્ધરૂપે પ્રગટ કરવી તે શુદ્ધ પર્યાય પ્રગટ કરવી એવી રીતે અંદર વીતરાગી પર્યાયો પ્રગટ કરવી. સમ્યક્‌દર્શનથી માંડીને ઠેઠ મુનિ દશા અને કેવળજ્ઞાન સુધી જે શુદ્ધ પર્યાય પ્રગટ થાય છે તે મોક્ષ

કહ્યો નિજ શુદ્ધાત્મામાં અશુદ્ધ પરિણતિ જે થઈ રહી છે એનાથી છુટ્ટો પાડીને પછી સાધકની ધારા વધતા વધતા આ શુદ્ધતાને પ્રગટ કરવી તે 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા જે પામે તે પંથ, સમજાવ્યો સંક્ષેપમાં સકળ માર્ગ નિર્ગ્રંથ' સંક્ષેપમાં મોક્ષ એટલે શું? 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા' એટલે એ શુદ્ધ સ્વરૂપ આત્મા છે એને શુદ્ધરૂપે પ્રગટ કરવું. તે મોક્ષનું સ્વરૂપ છે. શુદ્ધ છે તેને શુદ્ધરૂપે પ્રગટ કરવું. સંપૂર્ણ શુદ્ધ પ્રગટ કરવું.

જય હો, વિજય હો, ભગવતી માતનો જય હો!

## આનંદ છે એક

આનંદ છે એક આતમ પદમાં બીજાં બધા દુઃખદાયી.

જીવલડાં જાગીને જો તું મોહનીંદથી
આગમજ્ઞાનથી આતમ જણાય ના....
આતમ જણાય આતમથી..... જીવલડાં જાગીને

પુણ્ય છે શુભ ને પાપ અશુભ
એવી ભ્રાંતિમાં તું રહે ના.... જીવલડાં જાગીને

ઈષ્ટમાં રાગ કરે, અનિષ્ટમાં દ્વેષ
ગતિઓના બાંધે બંધન....જીવલડાં જાગીને

રત્ન ચિંતામણિથી પણ અધિક
અમૂલ્ય રત્ન તું આતમા....જીવલડાં જાગીને